| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૦૮/૦૬/૨૦૨૨ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૦૧૬/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની
તા.૦૭/૦૬/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૦ | ૦ | ૧૪૦ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૬૯૩ | ૦ | ૧૦૦૬૯૩ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૨ | ૫,૯૬,૯૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# <u>પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

## <u>પી.સી.બી</u>

## <u>"રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા સોસાયટીના કોમન પ્લોટ તેમજ કોમન પ્લોટના ટોયલેટ તેમજ પાર્કીંગનો દારુના ગોડાઉન તરીકે ઉપયોગ કરનાર ત્રણ આરોપીઓને વિદેશી દારુની બોટલો નંગ-૮૧૬ (૬૮ પેટી) કિ.રૂ.૩,૩૧,૫૦૦/ મળી કુલ્લે રુપિયા ૫,૫૧,૪૬૦/- મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી."</u>

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે સુચના આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી ટી.આર.ભટ્ટ નાઓના માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ તા.૦૭.૦૬.૨૦૨૨ ના રોજ સ્ટાફના પો.સ.ઈ.શ્રી જે.જી.ચારણ, મ.સ.ઈ.વિષ્ણુભાઈ ગોપાલદાસ બ.ન.૩૭૪૪,અ.હે.કો.તુષારદાન ભરતદાન બ.ન.૪૩૬૧, અ.હે.કો. નૌશાદઅલી ઉસ્માનમીયા બ.ન.૯૬૪૩, અ.હે.કો.ઈન્દ્રસિંહ પ્રવિણસિંહ બ.ન.૬૧૬૮, અ.હે.કો.વિષ્ણુભાઈ હીરાભાઈ બ.ન.૪૭૭૦, અ.હે.કો.અનિરુધ્ધસિંહ ધીરુભાઈ, અ.હે.કો.વિષ્ણુદાન ઈશ્વરદાન બ.ન.૯૫૯૬, અ.હે.કો.જયપાલસિહ વિજયસિહ બ.ન.૩૭૬૯,અ.પો.કો.પ્રવિણસિહ દેવેન્દ્રસિંહ બ.ન.૪૮૯૭, અ.પો.કો.પાર્થકુમાર કેતનભાઈ બ.ન.૩૯૬૧ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા દરમ્યાન અ.હે.કો.જયપાલસિહ વિજયસિહ બ.ન.૩૭૬૯ તથા અ.પો.કો.પ્રવિણસિહ દેવેન્દ્રસિંહ બ.ન.૪૮૯૭ મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે સીટીએમ અમદાવાદ વડોદરા એક્ષપ્રેસ હાઈવે પાસે આવેલ તુલસી બંગલોઝ સોસાયટીના કોમન પ્લોટમા તથા કોમન પ્લોટમા આવેલ સંડાસ રુમ તથા કોમન પ્લોટના પાર્કીંગમા રાખેલ વોકસવેગન પોલો કારમાથી વિદેશી દારૂની સીલબંધ બોટલો કુલ્લે નંગ ૮૧૬ કિ.રૂ.૩,૩૧,૫૦૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૫,૫૪,૪૬૦/- ના મુદામાલ સાથે ઉપરોકત જગ્યાઓનો દારુના ગોડાઉન તરીકે ઉપયોગ કરનાર ત્રણ ઈસમોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી રામોલ પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૨૪૨૨૦૪૬૮/૨૦૨૨ પ્રોહિ એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ),૧૧૬(૧)(બી),૯૮(૨), ૮૧ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

## <u>પકડાયેલ આરોપીઓ:</u>

(૧) ઉપેન્દ્ર ઉર્ફે ટીનો હરીશભાઈ મહેતા રહે.મ.ન.૩૦ તુલસી બંગલોઝ, સીટીએમ એકસપ્રેસ હાઈવેની બાજુમા, રામોલ, અમદાવાદ શહેર (૨) મધુસુદન ઉર્ફે મદીયો મલેશીયન વડતાલ(તેલગુ) રહે.એફ/૨૦૩, સુર્ય એલીગન્સ,માધવ ફાર્મ પાસે, વસ્ત્રાલ ઓઢવ રીગ રોડ, ઓઢવ અમદાવાદ શહેર (૩) પીન્ટુ બળદેવજી રાઠોડ રહે.રામદેવનગર ટેકરા, સરદાર મોલની પાછળ, નિકોલ અમદાવાદ

## વોન્ટેડ આરોપીઓ :

(૧) મહારાજ નામનો ઈસમ રહે.સાંચોર રાજસ્થાન (પ્રોહીનો જથ્થો આપનાર) (૨) રાજુ રહે.બાપા સીતારામ ચોક કૃષ્ણનગર અમદાવાદ (૩) દિપક પટેલ રહે.કોઠીયા હોસ્પીટલની બાજુમા ઠક્કરનગર અમદાવાદ (૪)મનોજ ઉર્ફે મન્નો રહે.ફદેલી વણકરવાસ કૃષ્નનગર ચાર રસ્તા પાસે અમદાવાદ શહેર

## ગુનાની જગ્યા :

સીટીએમ અમદાવાદ વડોદરા એક્ષપ્રેસ હાઈવે પાસે આવેલ તુલસી બંગલોઝ સોસાયટીના કોમન પ્લોટમા તથા કોમન પ્લોટમા આવેલ સંડાસ રુમ તથા કોમન પ્લોટના પાર્કીંગમા રાખેલ વોકસવેગન પોલો કારમાથી

## પકડાયેલ મુદામાલ :

(૧) ભારતીય બનાવટના વિદેશી દારુની સીલબંધ બોટલો નંગ ૮૧૬ (૬૮ પેટી) કિ.રૂ.૩,૩૧,૫૦૦/- (૨) વોકસવેગન પોલો કાર કિ.રૂ.૨,૦૦,૦૦૦/-(૩) મોબાઈલ ફોન નંગ ૨ કિ.રૂ.૧૦,,૦૦૦/ (૪) રોકડા નાણા રૂ.૧૨,૯૬૦/ (૫) સંડાસરુમને લાગેલ ચાવી કિ.રૂ.૦૦ મળી કુલ્લે રુપિયા ૫,૫૪,૪૬૦/ ની મત્તાનો મુદામાલ



# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

## નિકોલ પોલીસ સ્ટેશન

## નિકોલ પોલીસ સ્ટેશન ખાતે હત્યાના ગુન્હામાં પકડાપયેલ અને પેરોલ જમ્પ થયેલ ઈસમને ઝડપી પાડી જેલ હવાલે કરની "નિકોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર અને અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ અમદાવાદ શહેરનાઓ દ્વારા આગામી રથયાત્રા તહેવાર અનુસંધાને કાયદો અને વ્યવસ્થા જાળવવા સારૂ નાશતા-ફરતા તેમજ પેરોલ ફર્લો આરોપીઓને શોધી કાઢી જેલ હવાલે કરવા સારૂ હુકમ કરેલ હોય જે હુકમ અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫, અમદાવાદ શહેરનાઓએ સુચના કરતા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન, અમદાવાદ શહેરનાઓના સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેકટર શ્રી એસ.આર.મુછાળ સાહેબના આયોજન બધ કામ કાજ હેઠળ સર્વેલન્સ સ્કોર્ડના ASI રાજેન્દ્રસિંહ જશવંતસિંહ PC. રવિરાજસિંહ કાનજીભાઈ LR પરેશભાઈ રમેશભાઈનાઓ સાથે નિકોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. દરમ્યાન નિકોલ પોલીસ. સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબર: પાર્ટ A- 11191015201121/2020 ધી ઈપીકો કલમ: ૩૦૨ મુજબના ગુન્હાના કામે પકડાયેલ, અને હાલ કાચા કામના કેદી તરીકે સાબરમતી મધ્યસ્થ જેલ ખાતે સજા કાપી રહેલ આરોપી રણજીત ઉર્ફે બંડલ S/o ધનાભાઇ ચુનારા ઉ.વ:-૩૦ રહેવાસી:- પુજા કોમ્પલેક્ષની પાછળ આવેલ કાચા છાપરામાં કઠવાડા ગામ ભાગોળ, તાલુકો: દસ્કોઈ જીલ્લો: અમદાવાદ નાનો છેલ્લા એક મહિનાથી પેરોલ જમ્પ થઈ નાશતો ફરતો હોય, તાબાના PC.રવિરાજસિંહનાઓને મળેલ બાતમી હકિકત આધારે ઝડપી પાડી સાબરમતી મધ્યસ્થ જેલ ખાતે જેલ હવાલે કરવામાં આવેલ.



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૦૧૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૬ કેસ કરી, ૬૦ વ્યક્તિઓને ઝડપી, ૧૪૭ લીટર દેશી દારૂ, ૮૧૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૬૦ બિયર ટીન, ૧ કાર, ૧ રિક્ષા અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૩,૬૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૦૧૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી. ૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ:-** **સમાચાર યાદી નં.૧૦૧૯/૨૦૨૨**

**મણીનગર:** મહેશભાઇ તુલજારામ મોહતા (રહે. જયનગર સોસાયટી સ્વામિનારાયણ મંદિરની બાજુમાં રામબાગ ચાર રસ્તા પાસે મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૬/૨૦૨૨ સવારના ૮/૩૦ થી રાતના ૯/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોના-ચાંદીના દાગીના, સીટિઝન કંપનીની ઘડીયાળ નંગ-૨ અને રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૫૪,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગોસ્વામી ચલાવે છે.

**ચોરી:-** **સમાચાર યાદી નં.૧૦૨૦/૨૦૨૨**

**બાપુનગર:** યોગેશ સ/ઓ દાયાનંદ શર્મા (રહે. ધરણીધર એવન્યુ રાધે રેસીડન્સી પાછળ નવા નરોડા) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૬/૨૦૨૨ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે બાપુનગર ઇન્ડીયા કોલોની રિલેક્ષો ફુટવેર તથા રોનક કલર નામની દુકાન આગળ પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી રોકડ રૂપિયા ૩,૦૦,૫૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.કુંપાવત ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયા:-** **સમાચાર યાદી નં.૧૦૨૧/૨૦૨૨**

**એરપોર્ટ:** પ્રફુલભાઇ ભવાનભાઇ ભરવાડ (ઉ.વ.૨૪) (રહે. ભરવાડવાસ ગોપી ફ્લેટની ગલી સરદારનગર) તા.૦૫/૦૬/૨૦૨૨ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે એક્ટિવા ચલાવી પત્ની સાથે કોતરપુર ટર્નીગ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સ્પેન્ડર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ પ્રફુલભાઇ ભરવાડના પત્નીના ગળામાંથી સોનાનો દોરો પેડલ સાથે કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પ્રફુલભાઇ ભરવાડ એ તા.૦૭/૦૬/૨૦૨૨ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એચ.પાંડવ ચલાવે છે.

**ઇસનપુરઃ** નયનાબહેન જયેશકુમાર શાહ (ઉ.વ.પર) (રહે. સવિતાપાર્ક લોટસ સ્કુલ સામે ગોવિંદવાડી ઇસનપુર) તા.૦૩/૦૬/૨૦૨૨ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે એક્ટિવા ચલાવી ઇસનપુર સિધ્ધેશ્વર મહાદેવથી પહેલા રાજેશ્વરી સોસાયટીની બીજી ગલીના ખાંચા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ નયનાબહેન શાહના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ નયનાબહેન શાહ એ તા.૦૭/૦૬/૨૦૨૨ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.બી.હડીયલ ચલાવે છે.

**<u>અપમૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૨૨/૨૦૨૨</u>**

**શહેરકોટડાઃ** મેમ્કો મારૂતી એસ્ટેટ ખાતે કામ કરતા હિતેષ રાજેશભાઇ પટણી (ઉ.વ.૧૮) (રહે. ઔડાના મકાન રખિયાલ) તા.૦૬/૦૬/૨૦૨૨ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે મારૂતિ એસ્ટેટ ખાતે લિફટમાં અગમ્ય કારણસર લિફ્ટ તથા દિવાલની વચ્ચે આવી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૧૧/૨૫ વાગે તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિંહ રઘુનાથસિંહ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૨૩/૨૦૨૨</u>**

**રિવરફ્રંટ વેસ્ટઃ** કાયનાત ડો/ઓ ઈસ્તીયાહુસેન સૈયદ (ઉ.વ.૧૪) (રહે. અલસબાપાર્ક વજનકાંટા સામે બીબીતળાવ વટવા) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૬/૨૦૨૨ કલાક ૯/૫૦ વાગ્યા પહેલા પાલડી એલીસબ્રીજ પાસે વોક-વે ઘાટ નંબર-૮ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. શ્રી વિક્રમભાઈ મનજીભાઈ ચલાવે છે.

**આનંદનગરઃ** જીમીશ બીપીનભાઈ કંસારા (ઉ.વ.૪૮) (રહે. તુલસી રો હાઉસ જોધપુર ગામ ફાલ્ગુન ટેનામેન્ટ પાસે આનંદનગર) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૬/૨૦૨૨ રાતના ૯/૩૦ થી તા.૦૭/૦૬/૨૦૨૨ કલાક ૧૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કનુભાઇ સબુરભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.